# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, ગાંધીનગર

ક્રમાંક:રાપબો/ઉચ્ચકલા/૨૦૧૯-૨૦/૩૩૪-૩૫૧ તારીખ:૨૨/૦૧/૨૦૨૦

## ઉચ્ચકલા (પાંચમુ વર્ષ) પરીક્ષા- ૨૦૨૦

### જાહેરનામું:

રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષ:૨૦૧૯-૨૦ માં **ઉચ્ચકલાઓના** અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની આગામી માર્ચ-એપ્રિલ-૨૦૨૦ માં લેવાનાર વાર્ષિક પરીક્ષાઓનો કાર્યક્રમ નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

**આ પરીક્ષા માટેના ઉમેદવારોના આવેદનપત્રો www.sebexam.org વેબસાઇટ પર તા:૩૧/૦૧/૨૦૨૦ (બપોરના ૧૪.૦૦ કલાક) થી તા:૦૭/૦૨/૨૦૨૦ (રાત્રીના ૨૩.૫૯ કલાક સુધી) ઓનલાઇન ભરવાના રહેશે.**

**સમગ્ર પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ તથા જરૂરી સૂચના નીચે મુજબ છે**

| ક્રમ | વિગત | છેલ્લી તારીખ / સમયગાળો |
|---|---|---|
| ૧ | જાહેરનામું પ્રસિધ્ધ કરવાની તારીખ | ૨૨/૦૧/૨૦૨૦ |
| ૨ | www.sebexam.orgવેબસાઇટપર ઓનલાઈન આવેદનપત્રો ભરવાનો સમયગાળો | ૩૧/૦૧/૨૦૨૦ (બપોરના ૧૪.૦૦ કલાક) થી ૦૭/૦૨/૨૦૨૦ (રાત્રીના ૨૩.૫૯ કલાક) |
| ૩ | પરીક્ષા માટેની ફી ઓનલાઇન ભરવાનો સમયગાળો | ૩૧/૦૧/૨૦૨૦ થી ૧૦/૦૨/૨૦૨૦ |
| ૪ | સંસ્થાના આચાર્ય દ્વારા ભરાયેલ ફોર્મ ઓનલાઇન એપ્રુવ કરવાની છેલ્લી તારીખ | ૧૨/૦૨/૨૦૨૦ |
| ૫ | સંસ્થાઓએ ઓનલાઈન ભરાયેલ આવેદન પત્રો બોર્ડને પહોચાડવાની છેલ્લી તારીખ | ૧૫/૦૨/૨૦૨૦ |
| ૬ | બોર્ડ દ્વારા ઉમેદવારોના બેઠકનંબર ઈ-મેઈલથી સંસ્થાઓને મોકલવાની તારીખ | ૨૫/૦૨/૨૦૨૦ |
| ૭ | આંતરીક પરીક્ષાની તારીખનો સમયગાળો | ૦૨/૦૩/૨૦૨૦ થી ૦૭/૦૩/૨૦૨૦ |
| ૮ | સંસ્થાઓએ બોર્ડ ખાતે આંતરીક ગુણ સીલબંધ કવરમાં બોર્ડ ખાતે જમા કરાવવાની છેલ્લી તારીખ | ૧૨/૦૩/૨૦૨૦ |
| ૯ | હોલ ટીકીટ ઓનલાઈન ડાઉનલોડ કરવાનો સમય | ૧૨/૦૩/૨૦૨૦ થી ૧૮/૦૩/૨૦૨૦ |

❖ **વાર્ષિક પરીક્ષાઓની તારીખો નીચે પ્રમાણે રહેશે.**

| ક્રમ | પરીક્ષાનું નામ | શરૂ થવાની તારીખ | પૂર્ણ થવાની તારીખ |
|---|---|---|---|
| ૧ | એપ્લાઈડ આર્ટ પાંચમું વર્ષ | ૧૮/૦૩/૨૦૨૦ | ૨૧/૦૪/૨૦૨૦ |
| ૨ | ડ્રોઈંગ & પેઈન્ટીંગ પાંચમું વર્ષ | ૧૮/૦૩/૨૦૨૦ | ૩૧/૦૩/૨૦૨૦ |
| ૩ | શિલ્પ પાંચમું વર્ષ | ૧૮/૦૩/૨૦૨૦ | ૨૯/૦૪/૨૦૨૦ |

❖ **<u>પરીક્ષામાં બેસવાની પાત્રતા :</u>**

1. ઉચ્ચકલા પરીક્ષા માટે એપ્લાઈડ આર્ટ, ડ્રોઈંગ & પેઈન્ટીંગ , શિલ્પના પાંચમાં વર્ષની પરીક્ષા માટે ઉમેદવારની ૭૫% હાજરી પૂર્ણ કરેલ હોવી જોઈએ. વિદ્યાર્થીઓની ખુટતી હાજરી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ જવાબદાર રહેશે નહી.
2. સંસ્થાના આચાર્યશ્રીએ પોતાની સંસ્થામાં નિયમિત અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પરીક્ષાના અંતિમ દિવસ સુધીમાં નિયત હાજરી પૂર્ણ થતી હોય તેવા વિદ્યાર્થીઓને જ પરીક્ષામાં પ્રવેશ માટેની હોલ ટીકીટ (પ્રવેશપત્ર) આપવાનું રહેશે
3. નિયામકશ્રી, કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,ના તા. ૧૨/૧૦/૨૦૧૭ ના પત્રક્રમાંક:૮૯/ચ/વિશિષ્ટ/પ્રવેશ/૨૦૧૭-૧૮/૧૪ ના કચેરી આદેશના મુદ્દા નં. ૩ મુજબ તાલીમાર્થીઓનો શૈક્ષણિક કાર્યભાર જાહેર રજાના દિવસોમાં કે શાળાના સમય બાદ વધારાના કોચીંગ ક્લાસ કરીને પૂર્ણ કરવાની જવાબદારી સબંધિત કોલેજના આચાર્યશ્રીની રહેશે.

❖ **<u>પરીક્ષાનું માધ્યમ</u>** : પ્રશ્નપત્રોનું માધ્યમ માત્ર ગુજરાતી રહેશે.

❖ **<u>પરીક્ષાના આવેદનપત્રો ભરવા અંગેનીઅગત્યની સૂચનાઓ</u>::**

આ જાહેરનામા સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર **તા.૩૧/૦૧/૨૦૨૦(બપોરના ૧૪.૦૦) થીતા.૦૭/૦૨/૨૦૨૦ (રાત્રીના ૨૩.૫૯ કલાક સુધી)** દરમ્યાન www.sebexam.org પર અરજીપત્રક ભરી શકાશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે. અરજીપત્રક Confirm કર્યા પછી જ અરજી માન્ય ગણાશે.

- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ www.sebexam.org પર જવું.
- 'Apply online' ઉપર Click કરવું.
- **તમારી પરીક્ષા** સામે Apply Now પર Click કરવું.
- Apply Now પર Click કરવાથી Application Formદેખાશે Application Formમાં *નિશાનીવાળી તમામ માહિતી ફરજિયાત ભરવાની રહેશે.
- **<u>હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.</u>**
- હવે પેજના ઉપરના ભાગમાં Upload photographપર Click કરો. અહીં તમારો **<u>Application Number</u>** Type કરો અને તમારી Birth Date selectકરો. ત્યારબાદ Submit પર Click કરો. અહીં Photo અને Signature upload કરો.
- Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG format માં (15Kb)સાઇઝથી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ. Browse Button પર Click કરો. હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં JPG format માં તમારો Photo store થયેલ છે તે ફાઇલને Select કરો. અને Open Button ને Click કરો. હવે Browse Button ની બાજુમાં upload Button પર Click કરો, હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.
- હવે Preview & Confirm Application પર Click કરો.અહીં તમારો **<u>Application Number</u>** Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો. જો અહિ અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર Click કરીને સુધારો કરી લેવો. **<u>અરજી Confirm કર્યા પહેલાં કોઇ પણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી Confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ જાતનો સુધારો કરી શકાશેનહી.</u>**
- અરજી ફોર્મ ચોકસાઇ પૂર્વક Online ભરવાનું રહેશે. નામ, અટક,જન્મ તારીખ,જાતિ કે અન્ય કોઇ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરી આપવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.
- જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm પર Click કરવું. Confirm પર Click કરવાથી ઉમેદવારની અરજીનો બોર્ડમાં Online સ્વીકાર થશે તથા તે બાદ જ અરજી માન્ય ગણાશે.

## ❖ ફી ભરવાની રીત:

1. ઉમેદવાર/સંસ્થાએ ઓનલાઈન પેમેન્ટ ગેટવે દ્વારા ATM CARD (Debit/Credit Card)/NET BANKING થી પરીક્ષા ભરવાની રહેશે.
2. <u>એકજ વિધાર્થીની</u> ઓનલાઈન ફી જમા કરાવવા માટે <u>"Print Application/Challan"</u>વિકલ્પ પસંદ કર્યા બાદ કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખની વિગતો ભરવી.ત્યાર બાદ <u>Online Payment</u>"વિકલ્પ પસંદ કરવો.
3. <u>એક કરતા વધુ વિદ્યાર્થીની</u> ફી જમા કરાવવા માટે <u>"Print Application/Challan"</u> વિકલ્પ પસંદ કર્યા બાદ <u>"Multiple Payment"</u>વિકલ્પ પસંદ કરવો. ત્યાર બાદ એક પછી એક વિદ્યાર્થીના કન્ફર્મેશન નંબર એડ કરવા સાથે સાથે વિદ્યાર્થીનું નામ પણ ચેક કરવું. ત્યાર બાદ <u>"Submit"</u>વિકલ્પ પસંદ કરવો.
4. ત્યાર બાદ આપેલ વિકલ્પોમાંથી <u>Debit Card, Credit Card or Net Banking Of Fee</u> યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી.
5. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ હશે તો <u>"Successful"</u>ટ્રાન્ઝેકશન દર્શાવેલ <u>e-receipt</u> મળશે જેની પ્રિન્ટ કાઢી લેવી.
6. જો ફી જમા થયા બાદ <u>"Successful"</u>ટ્રાન્ઝેકશન દર્શાવેલ <u>e-receipt</u>ન નીકળે તો ઉમેદવારે ૨૪ કલાક બાદ પુન: પ્રયત્ન કરી <u>e-receipt</u>ની પ્રિન્ટ કાઢવાની રહેશે.
7. બેંક ખાતામાંથીફીની રકમ કપાયાના ૨૪ કલાક બાદ પણ <u>"Successful"</u> ટ્રાન્ઝેકશન દર્શાવેલ <u>e-receipt</u> જનરેટ ન થઈ હોય તો તેવા ઉમેદવારોએ તાત્કાલિકજરૂરી વિગતો સાથે રાજ્ય પરીક્ષા બોર્ડને ઈ-મેઈલથી જાણ કરવાની રહેશે. **(gseb21@gmail.com)**
8. **ઉમેદવારે ભરેલ આવેદનપત્રની પ્રિન્ટ, ફી ભર્યાની રિસિપ્ટ જરૂરી આધારો/પ્રમાણપત્રો સાથે સંસ્થાના આચાર્યશ્રીને જમા કરાવવાના રહેશે.**

- **આચાર્યશ્રીએ આ તમામ આવેદનપત્રો, તેમાં ભરેલ વિગતો આધારો વિગેરે કાળજી પૂર્વક ચકાસીને બોર્ડ દ્વારા ફાળવવામાં આવેલા આઇ.ડી. અને પાસવર્ડ દ્વારા તા:૧૨/૦૨/૨૦૨૦ સુધીમાં આ તમામ વિદ્યાર્થીઓની યાદી ઓનલાઇન એપ્રુવ કરવાની રહેશે.**
- **એપ્રુવ કરેલા તમામ વિદ્યાર્થીઓના આવેદનપત્રો અને ફી ભર્યા બદલની <u>e-receipt</u> આચાર્યશ્રીના સહિ-સિક્કા કરી જરૂરી આધારો/પ્રમાણપત્રો સાથે તા : ૧૫/૦૨/૨૦૨૦ સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડમાં જમા કરાવવાના રહેશે.**
- **અરજીપત્રક ભરવામાં કોઇપણ પ્રકારની મુશ્કેલી જણાય તો વેબસાઇટ પર આપવામાં આવેલ ફોન નંબર પર સંપર્ક કરવો.**

## ❖ ઉમેદવારો માટે સૂચનાઓ:

**ઉમેદવાર તેમના આવેદનપત્રો રાજ્ય પરીક્ષા બોર્ડમાં સીધા મોકલશેતો તે રદ ગણવામાં આવશે.**

## ❖ સંસ્થાઓએ કરવાની કાર્યવાહી :

- **આ જાહેરનામાની જાણ સંસ્થાના નિયમિત અને અગાઉનાં વર્ષોમાં નાપાસ થયેલ કે ગેરહાજર રહેલા વિદ્યાર્થીઓને કરવાની રહેશે**
- સંસ્થાના નિયમિત અને રીપીટર વિદ્યાર્થીઓના પરીક્ષાના આવેદનપત્રો સમય મર્યાદામાં ONLINE ભરાવીને જરૂરી ચકાસણી કરી સહી-સિક્કા સાથે પ્રમાણિત કરવાની જવાબદારી જે તે સંસ્થાની રહેશે.
- આંતરિક પરીક્ષાના ચાલુ શૈક્ષણિક સત્રના ના દરેક વિષયમાં પાસ થવાનું ધોરણ ૪૦% છે. આ વર્ષથી આંતરિક પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થી બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે. અને પરિણામમાં જે-તે વિદ્યાર્થી બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાના વિષયો સાથે આંતરિક પરીક્ષાના જેટલા વિષયોમાં અનુત્તિર્ણ હોય માત્ર તેટલા વિષયોમાં રિપિટર તરીકે આગામી વર્ષે આવેદનપત્ર ભરી શકશે. આગામી વર્ષે જે-તે સંસ્થાએ આંતરિક પરીક્ષામાં રિપિટર તરીકે આવેદનપત્ર ભરનાર ઉમેદવારના

આંતરિક ગુણ પુન: સીલબંધ કવરમાં સચિવશ્રી રાજ્ય પરીક્ષા બોર્ડને જમા કરાવવાના રહેશે. આવા વિદ્યાર્થીઓ કે જેઓ આંતરિક મુલ્યાંકનના વિષય/વિષયોમાં અને બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાના જેટલા વિષય/વિષયોમાં ગત વર્ષે પાસ હોય તેઓને આગામી વર્ષે તેટલા વિષયોની પરીક્ષા આપવામાંથી મુક્તિ (EXEMPTION) આપવામાં આવશે. આપની સંસ્થા ખાતે ગત વર્ષના આ પ્રકારના વિદ્યાર્થીઓ માટે પણ ઉપર મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

- આંતરિક પરીક્ષાના જેટલા વિષયોમાં નાપાસ હોય તે તમામ વિષયોનું આગામી વર્ષે આંતરિક મુલ્યાંકન કરી બોર્ડને મોકલવા અંગેની સંપૂર્ણ જવાબદારી જે-તે સંસ્થાના આચાર્યશ્રીની રહેશે. જો વિદ્યાર્થી આંતરિક પરીક્ષામાં નાપાસ થયેલ વિષયો પૈકી અમુક જ વિષયોમાં રિપિટર તરીકે આવેદનપત્ર ભરે તથા તે મુજબ કુલ નાપાસ થયેલ આંતરિક વિષયો પૈકી આગામી વર્ષે અમુક વિષયોના જ પુન: મુલ્યાંકન થયેલ આંતરિક ગુણ બોર્ડને મોકલવામાં આવે આવા કિસ્સાઓ બોર્ડને ધ્યાને આવશે તો જે-તે સંસ્થાના આચાર્ય દ્વારા બોર્ડને ગેરમાર્ગે દોરી વિદ્યાર્થીને અનઅધિકૃત રીતે પરીક્ષા અપાવવા બદલ ગેરરીતિ ગણવામાં આવશે.
- ઉમેદવારે/સંસ્થાએ ONLINE આવેદનપત્ર ભરતી વખતે અટક,નામ,પિતાનું નામ, જન્મ તારીખ,જાતિ અને રિપીટરના કિસ્સામાં વિષય જેવી વિગતો પૂરી કાળજીથી ભરવી.પ્રથમ વર્ષનાં આવેદનપત્ર ભરતી વખતે બોર્ડની માર્કશીટ મુજબ અને બીજા વર્ષનાં આવેદનપત્ર ભરતી વખતે પ્રથમ વર્ષની માર્કશીટ મુજબ વિગતો ભરવી.
- પરિક્ષા ફી ભરાયેલ ન હોય તેવા ઉમેદવારોના આવેદનપત્રો સ્વીકારવાના નથી.
- ખુટતી હાજરી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ જવાબદાર રહેશે નહી. પરીક્ષાના અંતિમ પેપર સુધીની હાજરી માન્ય ગણાશે.
- સંસ્થાના આચાર્યશ્રીએ પોતાની સંસ્થામાં નિયમિત અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પરીક્ષાના અંતિમ દિવસ સુધીમાં નિયત હાજરી પૂર્ણ થતી હોય તેવા વિદ્યાર્થીઓને જ પરીક્ષામાં પ્રવેશ માટેની હોલ ટીકીટ (પ્રવેશપત્ર) આપવાનું રહેશે.
- શિક્ષણ વિભાગના તા:૦૩/૦૬/૨૦૧૯, ઠરાવ ક્રમાંક: ઉકશ/૧૨૨૦૧૯/૭૧૫/ગ-૧૧ અન્વયે રાજ્યની બિન-સરકારી ગ્રાન્ટેડ કલા મહાવિદ્યાલયોમાં ફાઇન આર્ટ્સ (એપ્લાઇડ આર્ટ, પેઇન્ટિંગ અને શિલ્પ) ના પ્રથમ વર્ષ ફાઉન્ડેશનના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવાની હાલની કેંદ્રિયકૃત અને ઓનલાઇન પ્રવેશ પધ્ધતિને બદલે શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ થી પ્રવેશની કામગીરી એ.ટી.ડી. અને ફાઇન આર્ટ્સનો અભ્યાસક્રમ ચલાવતી રાજ્યની સબંધિત બિન-સરકારી ગ્રાન્ટેડ કલા મહાવિદ્યાલયોને નિયત શરતોને આધિન સોંપવાનો સરકારશ્રીના નિર્ણય અન્વયે સંયુક્ત શિક્ષણ નિયામક, કમિશ્નર શાળાઓની કચેરી બ્લોક નં ૯/૧, જીવરાજ મહેતાભવન, ગાંધીનગર દ્વારા મોક્લવામાં આવેલ યાદી મુજબ ફાઇન આર્ટ્સના ફાઉન્ડેશનમાં વર્ષ ૨૦૧૯-૨૦માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ માં (પાંચમા વર્ષ) લેવાનાર પરીક્ષામાં ઉપસ્થિત થનાર હોય ચાલુ વર્ષે (૨૦૧૯-૨૦) ફાઇન આર્ટ્સ પાંચમા વર્ષની પરીક્ષામાં ઉપસ્થિત થનાર તમામ વિદ્યાર્થીઓના કેંદ્રિયકૃત પ્રવેશ અંગેની યાદી સબંધિત સંસ્થાઓએ કમિશ્નર શાળાઓની કચેરી દ્વારા એપ્રુવ કરીને રજુ કરવાની રહેશે.
- નિયામકશ્રી, કમિશ્નરશ્રી શાળાઓની કચેરી પાસેથી એપ્રુવ થયેલ યાદીમાં યાદી અનુસારના તમામ વિદ્યાર્થીઓ પૈકી અમુક વિદ્યાર્થીઓના ક્રમને જ એપ્રુવ કરેલ હોય એટલેકે, પુરી યાદીને બદલે અમુક વિદ્યાર્થીઓને એપ્રુવ કર્યાની નોંધ સાથે યાદી રજૂ કરતા હોય ત્યારે બાકી રહેલા એટલેકે જેને એપ્રુવ ન કર્યા હોય તેવા વિદ્યાર્થીઓના આવેદન પત્રો સંસ્થા દ્વારા બોર્ડને રજૂ થશે તો આવા કિસ્સામાં સંસ્થાના આચાર્ય દ્વારા બોર્ડને ગેરમાર્ગે દોરી અનઅધિકૃત વિદ્યાર્થીઓને કોર્ષ કરાવી પરીક્ષામાં ઉપસ્થિત કરાવવા બદલ ગેરરીતિ ગણવામાં આવશે.
- સંસ્થાએ સંસ્થા અને વિદ્યાર્થીના રજૂ કરવાના જરૂરી આધારો/પ્રમાણપત્રોની તમામ વિગતોની ચકાસણી કરીને યોગ્ય રીતે ફાઇલીંગ કરી તથા સંસ્થાઓએ તમામ આવેદનપત્રોની સોફટકોપી (સી.ડી.) તથા હાર્ડકોપી તા:૧૫/૦૨/૨૦૧૯ ના રોજ રાજ્ય પરીક્ષા બોર્ડ, સેકટર -૨૧ ગાંધીનગર ખાતે જમા કરાવવાના રહેશે.

❖ **પરીક્ષા ફી ની વિગત:**

ઉમેદવારે "ફી ભરવાની રીત " માં દર્શાવ્યા મુજબની રીતે ઓનલાઇન ફી ભરવાની રહેશે.

**રાજય પરીક્ષા બોર્ડ દ્વારા નક્કી થયેલ પરીક્ષાર્થી દીઠ પરીક્ષા ફી ની વિગત આ મુજબ રહેશે.**

| ક્રમ | પરીક્ષાનું નામ | આવેદનપત્ર ફી | રજી. ફી | પરીક્ષા ફી | ગુણપત્રક ફી | પ્રમાણપત્ર ફી | માઈગ્રેશન ફી | કુલ પરીક્ષા ફી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | એપ્લાઈડ આર્ટ પાંચમું વર્ષ | 25 | 100 | 375 | 25 | 50 | 25 | **600** |
| ૨ | ડ્રોઈંગ & પેઈન્ટીંગ પાંચમું વર્ષ | 25 | 100 | 575 | 25 | 50 | 25 | **800** |
| 3 | શિલ્પ પાંચમું વર્ષ | 25 | 100 | 475 | 25 | 50 | 25 | **700** |
| ૪ | ઉપરોક્ત અભ્યાસક્રમના બોર્ડની પરીક્ષાના વિષયો સાથે આંતરિક પરીક્ષાના વિષયોમાં રિપિટર વિદ્યાર્થીઓ માટે | 25 | - | 100 (માત્ર બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાના વિષયો દિઠ) | 25 | - | - | **-** |
| ૫ | માત્ર આંતરિક પરીક્ષાના વિષયોમાં રિપિટર વિદ્યાર્થીઓ માટે | 25 | - | - | 25 | - | - | **50** |

- નોંધ:-ઉપરોક્ત વિગતે દર્શાવેલ ફીના ધોરણો કરતા પરીક્ષા ફીના સંદર્ભમાં કોઈપણ પ્રકારની વધુ ફીની રકમ કોઈ તાલીમી સંસ્થા લઈ શકશે નહીં.

❖ **આવેદનપત્રો તથા અન્ય સાહિત્ય જમા કરાવવા બાબત :**

સંસ્થાએ નીચે દર્શાવેલ વિગતે આધારો સાથે ફાઇલ તથા અન્ય સાહિત્ય રજૂ કરવાનું રહેશે.

**(A) ફાઈલ નંબર-1 માં સામેલ રાખવાના આધારો:**

**(1) નીચેના નમૂનામાં વિગતો ભરીને સંસ્થાના લેટરપેડ પર ફોરવર્ડીંગ લેટર.**

| ક્રમ | પરીક્ષા | ભાઈઓ | બહેનો | કુલ |
|---|---|---|---|---|
| 1 | એપ્લાઇડ આર્ટસ કોર્ષના નિયમિત પરીક્ષાર્થીઓની સંખ્યા | | | |
| 2 | ડ્રોઇંગ એન્ડ પેઈન્ટીંગ કોર્ષના નિયમિતપરીક્ષાર્થીઓની સંખ્યા | | | |
| 3 | સ્કલ્પચર કોર્ષના નિયમિતપરીક્ષાર્થીઓની સંખ્યા | | | |
| 4 | એપ્લાઇડ આર્ટસ કોર્ષના રીપીટર પરીક્ષાર્થીઓની સંખ્યા | | | |
| 5 | ડ્રોઇંગ એન્ડ પેઈન્ટીંગ કોર્ષના રીપીટર પરીક્ષાર્થીઓની સંખ્યા | | | |
| 6 | સ્કલ્પચર કોર્ષના રીપીટર પરીક્ષાર્થીઓની સંખ્યા | | | |
| | કુલ પરીક્ષાર્થીઓની સંખ્યા | | | |

**(2) નીચે દર્શાવેલ વિગત મુજબ કોર્ષવાર અલગ-અલગ યાદી (સોફ્ટ કોપી તથા હાર્ડ કોપી )**

આ યાદી : ક્રમ,પરીક્ષાર્થીનું નામ (અટક-પોતાનું નામ-પિતાનું નામ),ભરેલ ફી ,કન્ફર્મેશન નંબર તથા રીમાર્કસ એમ પાંચ કોલમમાં પત્રક બનાવીને મુકવું.

❖ **કેન્દ્રિયકૃત રીતે પ્રવેશ આપ્યા અંગેના નિયામકશ્રી,શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્રની નકલ.આ સાથે આચાર્યએ ઓનલાઇન આવેદનપત્ર ભરનાર પરીક્ષાર્થીઓની એપ્રુવ કરેલ :**

- એપ્લાઇડ આર્ટસ કોર્ષના નિયમિત પરીક્ષાર્થીઓની યાદી
- ડ્રોઇંગ એન્ડ પેઈન્ટીંગ કોર્ષના નિયમિત પરીક્ષાર્થીઓની યાદી
- સ્કલ્પચર કોર્ષના નિયમિત પરીક્ષાર્થીઓની યાદી
- એપ્લાઇડ આર્ટસ કોર્ષના રીપીટર પરીક્ષાર્થીઓની યાદી
- ડ્રોઇંગ એન્ડ પેઈન્ટીંગ કોર્ષના રીપીટર પરીક્ષાર્થીઓની યાદી
- સ્કલ્પચર કોર્ષના રીપીટર પરીક્ષાર્થીઓની યાદી

તેમજ ઉપરોક્ત યાદીની ચેક કરેલી સોફ્ટ કોપી (C.D.) તથા હાર્ડ કોપી મુકવી. C.D. ઉપર સંસ્થાનું નામ અને કોડ નંબર ભુસાઈ ન જાય તે રીતે લખવો અને સીડીને યોગ્ય કવરમાં જમા કરાવવી.

**(B) <u>ફાઈલ નંબર-2 માં સામેલ રાખવાના આધારો</u>:**

પરીક્ષાર્થીઓના ONLINE ભરેલઆવેદનપત્રો પર આચાર્યશ્રીના સહી-સિક્કા કરી ઉપરોક્ત વિગતે ફાઈલ નં-1 માં જણાવ્યા અનુસાર(A)(1)માં દર્શાવેલ સંખ્યા મુજબ (A)(2) અનુસારની યાદીવાર ક્રમમાં સેપરેટર પાના સાથે આ આવેદનપત્રોને ફાઈલ કરી ફાઈલ પર નીચે દર્શાવેલ ફોર્મેટમાં પત્રક બનાવી પેસ્ટ કરવું.

| ક્રમ | વિગત | માહિતી(અંગ્રેજીમાં આપવી) | |
|---|---|---|---|
| ૧ | કોલેજનું નામ | PHONE NO. : | |
| ૨ | કોલેજનું સરનામું | AT&POST : VIA :<br>TALUKA: DISTRICT : | |
| 3 | કોલેજના આચાર્યશ્રીનું નામ | મોબાઈલ નં : | |
| ૪ | અવેદનપત્રોની સંખ્યા | એપ્લાઇડ આર્ટસ કોર્ષના નિયમિત પરીક્ષાર્થીઓની સંખ્યા: | |
| | | ડ્રોઇંગ એન્ડ પેઈન્ટીંગ કોર્ષના નિયમિત પરીક્ષાર્થીઓની સંખ્યા: | |
| | | સ્કલ્પચર કોર્ષના નિયમિત પરીક્ષાર્થીઓની સંખ્યા: | |
| | | એપ્લાઇડ આર્ટસ કોર્ષના રીપીટર પરીક્ષાર્થીઓની સંખ્યા: | |
| | | ડ્રોઇંગ એન્ડ પેઈન્ટીંગ કોર્ષના રીપીટર પરીક્ષાર્થીઓની સંખ્યા: | |
| | | સ્કલ્પચર કોર્ષના રીપીટર પરીક્ષાર્થીઓની સંખ્યા: | |
| | | કુલ પરીક્ષાર્થીઓની સંખ્યા: | |

**(C) <u>ફાઈલ નંબર-૩ માં સામેલ રાખવાના આધારો</u>:**

**ઉપરોક્ત યાદી અનુસારના ઉમેદવારોના નીચે મુજબના લાગુ પડતા આધારોને ફાઈલ કરી પાના નં આપવા.**

- ધોરણ-10/12 નીબોર્ડની માર્કશીટની નકલ.(દરેક કોર્ષના નિયમિત પરીક્ષાર્થી માટે)
- એપ્લાઇડ આર્ટસ કોર્ષના પાંચમાં વર્ષના તમામ પ્રયત્નોની માર્કશીટની નકલ.(રીપીટર પરીક્ષાર્થી માટે)
- ડ્રોઇંગ એન્ડ પેઈન્ટીંગ કોર્ષનાપાંચમાં વર્ષના તમામ પ્રયત્નોની માર્કશીટની નકલ.(રીપીટર પરીક્ષાર્થી માટે)
- સ્કલ્પચરકોર્ષનાપાંચમાં વર્ષના તમામ પ્રયત્નોની માર્કશીટની નકલ.(રીપીટર પરીક્ષાર્થી માટે)
- ઓનલાઇન ફી ભર્યાબાદ તેની "Successful" ટ્રાન્ઝેકશન દર્શાવતી તમામ વિદ્યાર્થિઓની e-receipt જે-તે સંસ્થાના આચાર્યશ્રીએ વેરીફાઇ કરી સહી સિક્કા સાથે રજૂ કરવાની રહેશે.

❖ <u>પરીક્ષા કેન્દ્રની વિગત :</u>

- અમદાવાદ શહેર અને આણંદ માટે અમદાવાદ શહેરની કોઇ એક સંસ્થા ખાતે
- અમદાવાદ ગ્રામ્ય માટે ધોળકા ખાતેની કોઇ એક સંસ્થા ખાતે
- મહેસાણા માટે મહેસાણા ખાતેની કોઇ એક સંસ્થા ખાતે
- નવસારી માટે અમલસાડ ખાતેની કોઇ એક સંસ્થા ખાતે

❖ <u>ખાસ નોંધ :-</u>

- **ઉચ્ચકલાની એપ્લાઈડ આર્ટ,ડ્રોઈંગ & પેઈન્ટીંગ અને શિલ્પની પરીક્ષાનું સ્થળ (બિલ્ડીંગ) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી નક્કી કરશે.**
- **સ્ટ્રોંગરૂમ જિલ્લાશિક્ષણાધિકારીશ્રી પોતાના અથવા કેન્દ્ર સંચાલકના તાબા હેઠળ રાખવાનો રહેશે.**

- આ ત્રણેય પરીક્ષા માટે સ્થળના સ્થળ સંચાલક એકજ વ્યક્તિ રહેશે અને તેની નિમણૂક શિક્ષણાધિકારીશ્રી કરશે. જેમાં ઉચ્ચકલા સંસ્થાનો એક પણ સ્ટાફ નિયામક કે સહનિયામક તરીકે ફરજ બજાવી શકશે નહી. તેઓ માત્ર સુચારૂ વ્યવસ્થાના સહભાગી બનશે.
- દરરોજ સ્ટ્રોંગરૂમ પરથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અથવા કેન્દ્ર સંચાલક પ્રશ્નપત્રોના સીલબંધ પેકેટ લઈ જશે.અને સાંજે તે જ સ્ટ્રોંગરૂમ ખાતે સીલ કરવાના રહેશે.

❖ કૃપાગુણની જોગવાઇ:

o માત્ર લેખિત વાર્ષિક પરીક્ષામાં ૫૦% કરતાં વધારાના ટકા દીઠ એક ગુણ પરંતુ વધુમાં વધુ 05 (પાંચ) કૃપા ગુણ તરીકે મળી શકશે આ કૃપાગુણનો લાભ વધુમાં વધુ બે જ વિષયમાં મળી શકશે.

## Drawing & Painting –*V*: Exam - 2020 Schuledule

| વિષય કોડ | વિષય | પરીક્ષાનો કુલ સમય (કલાકમાં) | તારીખ | વાર | સમય | ગુણ |
|---|---|---|---|---|---|---|
| 01 | કમ્પેરીટીવ સ્ટડીઝ ઈન કોન્ટેમ્પરી આર્ટ એન્ડ ઈટ્સ ઈસ્યુ એન્ડ એપ્રિસિએશન (થીયરી) | 3 | ૧૮/03/૨૦૨૦ | બુધ | ૧૧ થી ૨ | 100 |
| 02 & 03 | રીપ્રેઝન્ટેશનલ<br>અથવા<br>નોન રીપ્રેઝન્ટેશનલ | ૨૫ | ૧૯/03/૨૦૨૦<br>૨૦/03/૨૦૨૦<br>૨૧/03/૨૦૨૦<br>૨૩/03/૨૦૨૦<br>૨૪/03/૨૦૨૦ | ગુરૂ<br>શુક્ર<br>શનિ<br>સોમ<br>મંગળ | ૧૧ થી ૨ અને 3 થી ૫ | 100 |
| 04 & 05 | પોટ્રેઈટ પેઈન્ટીંગ અથવા મ્યુરલ પેઈન્ટીંગ | ૨૫ | ૨૬/03/૨૦૨૦<br>૨૭/03/૨૦૨૦<br>૨૮/03/૨૦૨૦<br>30/03/૨૦૨૦<br>૩૧/03/૨૦૨૦ | ગુરૂ<br>શુક્ર<br>શનિ<br>સોમ<br>મંગળ | ૧૧ થી ૨ અને 3 થી ૫ | 100 |
| નોંધ: વિષય કોડ-2 થી 5 માં દર્શાવેલ વિષયોની પરીક્ષામાં (૨ થી 3 વિરામ) રહેશે. | | | | | | |

❖ ડ્રોઇંગ એન્ડ પેઈન્ટીંગના પાંચમાં વર્ષમાં વિષય પસંદગી :

o વિદ્યાર્થીઓએ નીચે આપેલ ગ્રૂપમાંથી એક એક વિષય રાખવાનો રહેશે.

o ગ્રૂપ -૧ માથી (02) રીપ્રેઝન્ટેશનલ (03) નોન રીપ્રેઝન્ટેશનલ (બે માથી એક )

o ગ્રૂપ -૨ માથી (04) પોટ્રેઈટ પેઈન્ટીંગ (05) મ્યુરલ પેઈન્ટીંગ (બે માથી એક )

❖ ડ્રોઇંગ એન્ડ પેઈન્ટીંગના પાંચમાં વર્ષમાં પાસિંગનું ધોરણ :

o ઉમેદવારે પોતાના સ્પેશ્યલાઈઝેશન વિષયમાં એક ટૂંકો આર્ટીકલ તૈયાર કરવાનો રહેશે. જેના ગુણ 50 છે.જેમાથી 40% (20 ગુણ )મેળવવાના રહેશે.

o દરેક વિષયમાં કોલેજ કક્ષાએ લેવાતી આંતરિક અને લેખિત/પ્રાયોગિક બાહ્ય પરીક્ષામાં પાસ થવાનું ધોરણ 40% રહેશે.

# Applied Art-*V*: Exam–2020 Schedule

| વિષય કોડ | વિષય | પરીક્ષાનો કુલ સમય (કલાકમાં) | તારીખ | વાર | સમય | ગુણ |
|---|---|---|---|---|---|---|
| 01 | એડવર્ટાઇઝિંગ આર્ટ એન્ડ આઈડીયાઝ વીથ કોપીરાઈટીંગ | 3 | ૧૮/03/૨0૨0 | બુધ | 11 થી 2 | 100 |
| 02 | ઈન્ડોર પેપર -1 | ૧૫ | ૧૯/03/૨0૨0<br>૨0/03/૨0૨0<br>૨૧/03/૨0૨0 | ગુરૂ<br>શુક્ર<br>શનિ | 11 થી 2<br>અને<br>3 થી 5 | 100 |
| 03 | ઈન્ડોર પેપર –2 | ૧૫ | ૨3/03/૨0૨0<br>૨૪/03/૨0૨0<br>૨૬/03/૨0૨0 | સોમ<br>મંગળ<br>ગુરૂ | 11 થી 2<br>અને<br>3 થી 5 | 100 |
| 04 | લેટરીંગ એન્ડ ટાઇપોગ્રાફી પેપર -1 | ૧૫ | ૨૭/03/૨0૨0<br>૨૮/03/૨0૨0<br>30/03/૨0૨0 | શુક્ર<br>શનિ<br>સોમ | 11 થી 2<br>અને<br>3 થી 5 | 100 |
| 05 | લેટરીંગ એન્ડ ટાઇપોગ્રાફી પેપર -2 | ૧૫ | 3૧/03/૨0૨0<br>0૧/0૪/૨0૨0<br>03/0૪/૨0૨0 | મંગળ<br>બુધ<br>શુક્ર | 11 થી 2<br>અને<br>3 થી 5 | 100 |
| 06 | ઈલેસ્ટ્રેશન પેપર –1 | ૧૫ | 0૪/0૪/૨0૨0<br>0૭/0૪/૨0૨0<br>0૮/0૪/૨0૨0 | શનિ<br>મંગળ<br>બુધ | 11 થી 2<br>અને<br>3 થી 5 | 100 |
| 07 | ઈલેસ્ટ્રેશન પેપર –2 | ૧૫ | 0૯/0૪/૨0૨0<br>૧૧/0૪/૨0૨0<br>૧3/0૪/૨0૨0 | ગુરૂ<br>શનિ<br>સોમ | 11 થી 2<br>અને<br>3 થી 5 | 100 |
| 08 | આઉટડોર પેપર –1 | ૧૫ | ૧૫/0૪/૨0૨0<br>૧૬/0૪/૨0૨0<br>૧૭/0૪/૨0૨0 | બુધ<br>ગુરૂ<br>શુક્ર | 11 થી 2<br>અને<br>3 થી 5 | 100 |
| 09 | આઉટડોર પેપર –2 | ૧૫ | ૧૮/0૪/૨0૨0<br>૨0/0૪/૨0૨0<br>૨૧/0૪/૨0૨0 | શનિ<br>સોમ<br>મંગળ | 11 થી 2<br>અને<br>3 થી 5 | 100 |
| **નોંધ: વિષય કોડ-2 થી 9 માં દર્શાવેલ વિષયોની પરીક્ષામાં (૨ થી ૩ વિરામ) રહેશે.** | | | | | | |

- <u>એપ્લાઇડ આર્ટ્સ અભ્યાસક્રમના પાંચમાં વર્ષમાં પાસિંગનું ધોરણ :</u>
  - દરેક વિષયમાં કોલેજ કક્ષાએ લેવાતી આંતરિક અને લેખિત/પ્રાયોગિક બાહ્ય પરીક્ષામાં પાસ થવાનું ધોરણ 40% રહેશે.
- <u>એપ્લાઇડ આર્ટ્સ અભ્યાસક્રમના પાંચમાં વર્ષમાં વિષય પસંદગી:</u>
  - વિદ્યાર્થીઓએ ઉપરોક્ત વિષય કોડના ગ્રુપ (૨ અને ૩), (૪ અને ૫), (૬ અને ૭), (૮ અને ૯) એમ કુલ ૪ ગ્રુપ પૈકી કોઇ બે ગ્રુપ પસંદ કરવાના રહેશે.

## <u>Sculpture -*V*: Exam –2020 Schedule</u>

| વિષય કોડ | વિષય | પરીક્ષાનો કુલ સમય (કલાકમાં) | તારીખ | સમય | ગુણ |
|---|---|---|---|---|---|
| 01 | હિસ્ટ્રી ઓફ મોર્ડન આર્ટ | 3 | ૧૮/03/૨૦૨૦ | ૧૧ થી ૨ | 100 |
| 02 OR 03 | રીપ્રેઝન્ટેશનલ<br>અથવા<br>નોન રીપ્રેઝન્ટેશનલ | ૭૫ | ૧૯/03/૨૦૨૦ થી ૦૮/૦૪/૨૦૨૦<br>:: રજાઓ ::<br>૨૨/03/૨૦૨૦<br>૨૫/03/૨૦૨૦<br>૨૯/03/૨૦૨૦<br>૦૨/૦૪/૨૦૨૦<br>૦૫/૦૪/૨૦૨૦<br>૦૬/૦૪/૨૦૨૦ | ૧૧ થી ૨<br>અને<br>3 થી ૫ | 100 |
| 04 OR 05 | મોન્યુમેન્ટલ સ્કલ્પચર<br>અથવા<br>પોટ્રેઈટ સ્કલ્પચર | ૭૫ | ૦૯/૦૪/૨૦૨૦ થી ૨૯/૦૪/૨૦૨૦<br>:: રજાઓ ::<br>૧૦/૦૪/૨૦૨૦<br>૧૨/૦૪/૨૦૨૦<br>૧૪/૦૪/૨૦૨૦<br>૧૯/૦૪/૨૦૨૦<br>૨૫/૦૪/૨૦૨૦<br>૨૬/૦૪/૨૦૨૦ | ૧૧ થી ૨<br>અને<br>3 થી ૫ | 100 |
| નોંધ: વિષય કોડ-2 થી 9 માં દર્શાવેલ વિષયોની પરીક્ષામાં (૨ થી 3 વિરામ) રહેશે. | | | | | |

❖ <u>સ્કલપ્ચર પાંચમાં વર્ષમાં પાસિંગનું ધોરણ :</u>

o ઉમેદવારે પોતાના સ્પેશ્યલાઈઝેશન વિષયમાં એક ટૂંકો આર્ટીકલ તૈયાર કરવાનો રહેશે. જેના ગુણ 50 છે. જેમાથી 40% (20 ગુણ )મેળવવાના રહેશે.

દરેક વિષયમાં કોલેજ કક્ષાએ લેવાતી આંતરિક અને લેખિત/પ્રાયોગિક બાહ્ય પરીક્ષામાં પાસ થવાનું ધોરણ 40% રહેશે.

(પી.એ. જલુ)
અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

સ્થળ: ગાંધીનગર
તારીખ: ૨૨/૦૧/૨૦૨૦

- <u>નકલ જાણ અર્થે રવાના</u>:
  - માન. નિયામકશ્રી, શાળાઓની કચેરી,ગાંધીનગર
  - નિયામકશ્રી, જીસીઇઆરટી સેકટર -૧૨, ગાંધીનગર
- <u>નકલ જરૂરી કાર્યવાહી તથા જાહેરનામાનો અમલ કરવા સારૂ</u> :
  (1) આચાર્યશ્રી, ક્લા સંસ્થાઓ (તમામ)
  (૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,સંબધિત
  (3) હિસાબી અધિકારીશ્રી, સદર કચેરી